# કલાકાર/આર્ટિસ્ટ

કોઈપણ કલાના સર્જકને કલાકાર (આર્ટિસ્ટ) કહેવાય છે. તેમાં પેઇન્ટીંગ, શિલ્પ, કવિતા, ગાયન, ફિલ્માંકન, ચિત્રકારી, સંગીતનું સર્જન કરવાનો સમાવેશ થઈ શકે છે. એક કલાકાર તેની રચનાઓને ઉપયોગ પોતાના અનન્ય દૃષ્ટિકોણની અભિવ્યક્તિના એક માધ્યમ તરીકે કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમને પ્રયોગો કરવા ગમે છે
- તમને લલિતકલાને લગતા અભ્યાસક્રમમાં જોડાવું પસંદ છે
- તમે કલા અને સંગીતનો અભ્યાસ કરવામાં રૂચિ ધરાવો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈન આર્ટ/એપ્લાઈડ આર્ટ/વિઝ્યુઅલ આર્ટ/ગ્રાફિક આર્ટ અથવા કોઈપણ સમાન વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

સ્નાતક પૂર્ણ કર્યા બાદ ફાઈન આર્ટ્સમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહીં આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક આર્ટીસ્ટનું માસિક વેતન **રૂ. ૨૦,૦૦૦** થી **૨૨,૦૦૦*** અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: bit.ly/3SwScG4

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રસાર માધ્યમો અને મનોરંજન કંપનીઓ, સમગ્ર ભારતમાં આવેલી કોલેજો અને સંસ્થાઓ, પ્રકાશન, પ્રસારણ, ફિલ્મ, ડિજિટલ ડિઝાઈન, જાહેરાત અને માર્કેટિંગ કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે ફ્રીલાન્સ સેવાઓ આપવાનું પણ પસંદ કરી શકો છો અથવા તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે જે સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલી છે. જો તમે કોમર્શિયલ આર્ટિસ્ટ તરીકે નોકરી કરતા હો, તો સ્થાનિક મુસાફરી કરવી એ તમારી કામગીરીનો એક ભાગ હોઈ શકે છે. અંશકાલિન (પાર્ટ-ટાઈમ) કામગીરી તેમજ કરાર આધારિત રોજગારીની તકો ઉપલબ્ધ થઈ શકે છે. ઘરેથી કામ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ કંપનીઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. આ કંપનીએ મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે. સ્વ-રોજગાર પ્રાપ્ત કરવો એ પણ એક વિકલ્પ છે. આ કિસ્સામાં, કામના કલાકો અને દિવસો લવચીક હશે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → જુનિયર કોમર્શિયલ આર્ટિસ્ટ → કોમર્શિયલ આર્ટિસ્ટ → સિનિયર કોમર્શિયલ આર્ટિસ્ટ → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્ટિસ્ટ, ડિઝાઈનર, ગ્રાફિક આર્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ફાઈન આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા(જે.એમ.આઈ.), નવી દિલ્હી -
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૩. સાવિત્રીબાઈફૂલે, પુણે યુનિવર્સિટી
૪. ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૫. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૬. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ.યુ.), વડોદરા
૮. રવીન્દ્રભારતી યુનિવર્સિટી (આર.બી.યુ.), કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. મણિપાલ યુનિવર્સિટી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, જલંધર -
૩. એલડી આર્ટસ કૉલેજ, અમદાવાદ
૪. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૫. એમિટી યુનિવર્સિટી, મુંબઈ
૬. કોનેરુલક્ષ્મૈયા એજ્યુકેશન ફાઉન્ડેશન, કે.એલ. યુનિવર્સિટી ગુંટુર -
૭. આણંદ આર્ટસ કૉલેજ, આણંદ
૮. નોઇડા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી, ગ્રેટર નોઇડા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મીરા મુખર્જી** એક કલાકાર અને લેખિકા છે, જે તેમના શિલ્પો માટે વિખ્યાત છે. મુખર્જી ૧૪ વર્ષની ઉંમરે ઈન્ડિયન સોસાયટી ઓફ ઓરિએન્ટલ આર્ટ સ્કૂલમાં જોડાયા અને બાદમાં દિલ્હી પોલીટેકનિકમાં પ્રવેશ મેળવ્યો જ્યાંથી તેણે ૧૯૪૭માં પેઈન્ટિંગ, ગ્રાફિક્સ અને શિલ્પમાં ડિપ્લોમા પૂર્ણ કર્યું. ૧૯૫૩માં, પેઈન્ટિંગનો અભ્યાસ કરવા માટે તેણીએ જર્મનીમાં હોચસ્ચુલફ્યુરબિલ્ડેન્ડે કુન્સ્ટેમાં હાજરી આપી. જો કે, તેણીએ પ્રથમ સેમેસ્ટરમાં જ તેનો પેઈન્ટિંગ અભ્યાસક્રમ અટકાવી દીધો અને શિલ્પ બનાવવાના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું.*

સ્રોત: https://jnaf.org/artist/meera-mukherjee

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.